सर्वतन्त्रस्वतन्त्रश्रीधर्मदत्तझाविरचितः

व्याप्तिपञ्चकविवृत्यपराभिधानः

गूढार्थतत्त्वालोकः

विभागः - १३

।। अभिनवसंस्कृतव्याख्या ।।

यशोलता

।। नूतनगुर्जरविवरणम् ।।

विनम्रा

यशोलता

विभाग - १३

ततः प्रारम्भोऽस्य
यत्प्राप्य प्रश्राम्यन्ति
पण्डिता अपि ।

तर्क की परिसीमा

गूढार्थतत्त्वालोक

જ્યાં પહોંચતા તો હાંફી જવાય છે,
ત્યાંથી અહીં શરૂઆત થાય છે...

વિનમ્રા

LONGEST NARRATION IN THE WORLD OF **SANSKRIT SCRIPTURE**

- Name of The Original Scripture : GUDHARTHA TATVALOKA
- Author of the Original Scripture : SHRI DHARMADATT ZHA
- Name Of the New Text : YASHOLATA
- Author of the New Text : Jain Ascetic SHRI **BHAKTIYASHVIJAYJI** (Disciple of His Holiness Jain Acharya Shri **YASHOVIJAYSURIJI**)
- Subject : Logic
- Language : Sanskrit
- Name Of the Gujarati Text : Vinamra
- Author of the Gujarati Text : SHRI BHAKTIYASHVIJAYJI
- Total volumes : 14
- Edition : 1st, 2018 A.D.
- Price : ₹10,000 For The Whole Set (Volume 1 To 14)
- Publisher : SHRI DIVYADARSHAN TRUST DHOLKA, Dist. Ahmedabad, Gujarat
- Type Setting : Bharat Graphics, M. 9925020106
- Printers : Parshwa Offset, Veraval, M. 9428702617

Distributers

Manojbhai Shah
CREATIVE PRAKASHAN
New & Old Book Center
"Vikram", M.G. Road,
VERAVAL-362 265
Ph.: 02876 222617
Mo. +91-94287 02617

Vikrambhai Shah
'VINAY', 2/5 Jaganath Corner,
Nr. Nandwana Brahmin Boarding,
Opp. Ramkrishna Ashram Temple,
RAJKOT - 360 001
Ph. : 0281 2461980
Mo. +91-94269 72609

Abhaybhai Shah
8, Sukita Appartment,
Nr. Ankur School,
B/h. Dipti Petrol Pump,
Fatehpura, Paldi,
Ahmedabad - 380007.
Mo. +91-94287 02794
Email: creativeprakashan@gmail.com

ISBN
978-93-8201967-1

© Divyadarshan Trust
Creative Prakashan

अभिनवसंस्कृतव्याख्यायशोलता-
नूतनगुर्जरविवरणविनम्रासुशोभितः
सर्वतंत्रस्वतंत्र
श्रीधर्मदत्तझाप्रणीतः

व्याप्तिपञ्चकविवृत्त्यपराभिधानः

गूढार्थतत्त्वालोकः

— अभिनव सर्जन सर्वस्व —

परम पूज्य विद्वत्कुलावतंश न्यायतीर्थ
आचार्यवर्य श्री **यशोविजयसूरीश्वरजी** महाराज

— अभिनव सर्जन सर्जक —

जैनमुनि**भक्तियशविजय**

— संशोधक —

परम पूज्य सूक्ष्मशेमुषीसंपन्न
पंन्यासप्रवर श्री **रत्नबोधिविजयजी** महाराज

— प्रकाशक —

श्री दिव्यदर्शन ट्रस्ट

— मुख्य विक्रेता —

Creative Prakashan
www.creativeprakashan.com

दिव्याशिष

परम पूज्य सिद्धांतमहोदधि आचार्य भगवंत
श्री प्रेमसूरीश्वरजी महाराजा
परम पूज्य सकलसंघहितचिंतक आचार्यभगवंत
श्री भुवनभानुसूरीश्वरजी महाराजा

शुभाशिष

परम पूज्य सिद्धांतदिवाकर सुविशालगच्छाधिपति
श्री जयघोषसूरीश्वरजी महाराजा
परम पूज्य पूना जिल्ला उद्धारक आचार्य भगवंत
श्री विश्वकल्याणसूरीश्वरजी महाराजा
परम पूज्य भवोदधितारक गुरुदेव आचार्य भगवंत
श्री यशोविजयसूरीश्वरजी महाराजा

આર્થિક સૌજન્ય

જેમની સખાવતોમાં હરિયાવહિલી અને દૂરંદેશિતા
સદા આંખે ઊડીને વળગે છે તે


શ્રી ઉમરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સુરત

ધન્ય શ્રુતભક્તિ !
અદ્‌ભુત શ્રુતપ્રીતિ !
અનુમોદના !

अशोक मलिक
ASHOK MALIK
राष्ट्रपति के प्रेस सचिव
Press Secretary to the President

राष्ट्रपति
भारत गणतंत्र
PRESIDENT
REPUBLIC OF INDIA

राष्ट्रपति सचिवालय,
राष्ट्रपति भवन,
नई दिल्ली - 110004.
PRESIDENT'S SECRETARIAT,
RASHTRAPATI BHAVAN,
NEW DELHI -110004.



संदेश

भारत के राष्ट्रपति, श्री राम नाथ कोविन्द को यह जानकर प्रसन्नता हुई है कि मुनि श्री भक्तियशविजयजी द्वारा ''यशोलता'' नामक नूतन संस्कृत व्याख्या ग्रंथ का प्रकाशन किया जा रहा है। आशा है कि ग्रंथ में संकलित सामग्री पाठकों को एक नई दिशा एवं ऊर्जा प्रदान करेगी।

राष्ट्रपति जी, ग्रंथ के सफल प्रकाशन के लिए अपनी शुभकामनाएं प्रेषित करते हैं।

राष्ट्रपति के प्रेस सचिव

Tel. : +91-11-23016535 (Direct), 23015321 Extn 4322, Fax 23794498
E-mail-press.secy@rb.nic.in, malik.ashok@rb.nic.in



भारत के उपराष्ट्रपति
VICE-PRESIDENT OF INDIA

19 अप्रैल, 2018

प्रिय श्री जैनाचार्य श्री यशोविजयसूरीश्वर जी,

प्राचीन काल से समूचे विश्व में भारतीय संस्कृति विद्याक्षेत्र में अग्रेसर रही है। जो आज भी प्रबुद्ध वर्ग के लिए आश्चर्यकारी है। भारतीय प्रजा सांप्रदायिक सहिष्णुता की वजह से ही विभिन्न दर्शनों को अपने में पनपा रही है। न्यायविद्या तो तर्कशास्त्र की अप्रतिम प्रस्तुति है ... उस न्याय विद्या के सिरमौर ग्रंथ - पंडितवर्य श्री धर्मदत्तझाविरचित व्याप्तिपंचकविवृति, अपर नाम - गूढार्थतत्वालोक के ऊपर जैनाचार्य श्री यशोविजयजीसूरिजी के शिष्य मुनि श्री भक्तियशविजयजी के द्वारा 90,000 श्लोक प्रमाण महिष्ठ वृति का सृजन किया है, जो सचमुच में ही एक आश्चर्य है।

मुझे गर्व है इस भारतवर्ष पर, कि जहाँ अनवरत ऐसे विद्यापुरुष होते ही रहे हैं। मैं ऐसे संतपुरुष और विद्यापुरुष के चरणों में सादर नतमस्तक हूँ।

सद्भावनाओं सहित,

(एम. वेंकैया नायडु)

श्री जैनाचार्य श्री यशोविजयसूरीश्वर जी,
द्वारा महेन्द्रभाई झवेरी, एच. भेडा एंड कं.,
705, प्रशाम, कस्तूरबा गांधी मार्ग,
राजकोट-360001 मोबाइल: 98251 68834
ई-मेल : bbrjk_ad1@yahoo.in



सत्यमेव जयते

प्रधान मंत्री
Prime Minister

संदेश


यह जानकर प्रसन्नता हुई है कि **'गूढार्थतत्त्वालोक'** के व्याख्या ग्रंथ का विमोचन किया जा रहा है। श्री दिव्यदर्शन ट्रस्ट द्वारा प्रकाशित इस व्याख्या ग्रंथ में गूढार्थतत्त्वालोक की सरल विवेचना सराहनीय है।

श्री भक्तियशविजय जी द्वारा रचित यह ग्रन्थावली जीवन मूल्यों और आदर्शों से अवगत होने का अवसर दे और प्रेरणास्रोत के रूप में अपनी उपयोगिता सिद्ध करे, इसी आशा के साथ ग्रन्थावली के सफल प्रकाशन हेतु हार्दिक शुभकामनाएं।

(नरेन्द्र मोदी)

नई दिल्ली
23 अप्रैल, 2018

श्री यशोविजयसूरीश्वर जी
C/o- श्री महेन्द्रभाई झवेरी
एच. भेडा ऐंड कंपनी
705, प्रशम, कस्तूरबा गांधी रोड
राजकोट
गुजरात- 360001



વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

apro/ug/2018/03/28/dt

તા. ૨૮-૦૩-૨૦૧૮

પરમ આદરણીય શ્રી યશોવિજય સૂરીશ્વરજી સાહેબ,

સપ્રેમ નમસ્કાર.

આપના પત્રપુષ્પ થકી મુનિ શ્રી ભક્તિયશવિજયજી રચિત **"યશોલતા"** નામના બૃહદગ્રંથના પ્રકાશન અંગે જાણી આનંદની લાગણી અનુભવું છું.

સંસ્કૃતને દેવોની ભાષા માનવામાં આવે છે. ભારતમાં સંસ્કૃત વિદ્યાપીઠો સિવાય સંસ્કૃત ગ્રંથોની જો કોઇએ જાળવણી કરી હોય તો તે જૈન સંપ્રદાય છે. સંસ્કૃતના માધ્યમથી ઉતરી આવેલા જ્ઞાનના આ મહાસાગરની જાળવણી, જતન અને તેની પુનઃપ્રસ્તુતિ અભિનંદનીય ગણાય. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમયથી જ ગુજરાત વિદ્યાસંપદાનું પ્રમુખ કેન્દ્ર રહ્યું છે. ભારતવર્ષીય પ્રાચીન વિદ્યાસંપદા અને સંસ્કૃતસંપદાની સુરક્ષામાં ગુજરાત જાગૃત અને અગ્રેસર રહ્યું છે.

તર્કશાસ્ત્રના કઠિન, ગૂઢાર્થતત્ત્વાલોકને વ્યાખ્યાયિત કરવાની ક્ષમતા ધરાવતા જૂજ વિદ્વાનો બચ્યા છે, એવા સમયે **"યશોલતા"** જેવી અત્યંત સરળ અને વિશ્વની સૌથી વિશાળ સંસ્કૃત વ્યાખ્યાનું સર્જન **મુનિ શ્રીભક્તિ યશવિજયજી**ના હસ્તે થયું જે ગુજરાત માટે ગૌરવપૂર્ણ ઘટના છે. આ વિરલ પ્રસંગે મહારાજશ્રીની વિદ્યાસાધનાને નમન કરતાં અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
Shree Yashovijayasooreeshwarajee Maharaj, *Author.*
C/o Mahendrabhai Zaveri,
H. Bheda & Company, 705, Prasham,
Kasturba Gandhi Road, Rajkot - 360001
Email: bbrjk_ad1@yahoo.in

સમર્પણ

શ્રુતસ્થવિર પૂજ્ય
શ્રી જંબૂવિજયજી
મહારાજને

જેમની સાથેનું મારું લોક-લોકોત્તર
સગપણ મારું પરમ સૌભાગ્ય છે.

આ અહીં મળશે...

	વિષય	પૃષ્ઠાંક
૧	**Preface**	11
૨	**મીઠો આવકાર** પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા	13
૩	**અંતરનો રણકાર, ઉષ્માભર્યો આવકાર** પૂજ્યપાદ પરમારાધ્યપાદ આચાર્યભગવંત શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ	16
૪	**શુભાશંસનમ્** પ્રો. વશિષ્ઠ ત્રિપાઠીજી (રાષ્ટ્રપતિ સન્માનિત)	21
૫	**અનુશંસા** પ્રો. મહેશજી ઝા (લબ્ધસ્વર્ણપદક)	22
૬	**શુભેચ્છા** આચાર્ય નરસિંહ કટ્ટી	23
૭	**શુભાશંસનમ્** પ્રો. એસ.આર. ભટ્ટ	24
૮	**શુભાશંસનમ્** પ્રો. ચિત્તનારાયણ પાઠકજી પવનાચાર્ય હુનગુન્દજી પ્રો. કરુણાકર મિશ્રાજી	25 28 29
૯	**પ્રકાશકીય પ્રાક્કથન**	30
૧૦	**સંશોધકીય વક્તવ્ય**	31
૧૧	**ગૌરવપ્રદ ગૌરવ (પ્રસ્તાવના)** પરમ પૂજ્ય પલ્લીવાલક્ષેત્રપ્રભાવક ગણિવર્ય શ્રી ધૈર્યસુંદરવિજયજી મહારાજ	44
૧૨	**સાગરનો સાર ગાગરમાં (તેરમા વિભાગનો સંક્ષિપ્ત સાર)** પરમ પૂજ્ય સંશોધકવર્ય પંન્યાસ પ્રવર શ્રી રત્નબોધિવિજયજી મહારાજા	48
૧૩	**અથાતો વિષયજિજ્ઞાસા**	66
૧૪	**ગ્રંથારંભ**	૪૦૨૧

Preface

ROUND ABOUT THE UNIQUE WORK

For ages, Indian Civilization has gifted the world in the various fields of literature with remarkable and unique piece of work. Amongst the various fields, the subject of "logic" has proved to be the most difficult to comprehend for anyone.

One of the most challenging and complicated scripture named **"GUDHARTHA TATVALOKA"** in the field of logic was innovated by Shri Dharmadatta Zha around 100 years back. The text originally written in Sanskrit language consisting of only 28,800 alphabets has remained unchallenged by majority of scholars. Even at present, there are probably no more than five people in this world who can understand the text and explain it to others.

As we all know, Albert Einstein has gifted the world with his "Theory of Relativity". However, it was so complicated that most scientists found it a difficult task to explain it to others.

From time to time history repeats itself.ln the field of Scripture the same comparison could be made for the Sanskrit text mentioned above in terms of its complexity with that of Einstein's theory. Jain Monk named Shri **Bhaktiyashvijayji** has done an outstanding job in writing the longest new narration of the Sanskrit Scripture in Sanskrit. The length, depth and the altitude of the text will leave readers astonished. Mysteries revealed in the text are simply incomparable to any. The long journey of segregating this great piece of literature began at only a young age of 21. The compilation was completed only within a year and a half, consisting of 28,80,000 alphabets, one of the **LONGEST** narrations of any Scripture at present. The new text has been named **"YASHOLATA"**, dedicated and devoted to his guru, Jain Acharya Shri **Yashovijaysuriji**.

The sharp intellect of this young scholar has opened gateways in the field of logic for others to study with very lucid explanation of mysteries buried deep in the original text.

The future generation will always be in debt and grateful, to have been privileged, to cherish the largest narration published in 14 volumes in Sanskrit, along with Gujarati narration.

In Sanskrit literature, scripture is measured in form of verses. 32 alphabets make a verse. The original "GUDHARTHA TATVALOKA" has 900 verses, thus consisting **28,800** alphabets.

To explain the same very lucidly, the Jain Monk has simplified his new narration text **"YASHOLATA"** with **90,000** verses i.e. **28,80,000** alphabets. Thus the new text named **"YASHOLATA"** is the "Longest Narration in the World of Sanskrit Scripture."

“મુનિરાજ શ્રી ભક્તિદેશ વિજયજીએ દીક્ષાક્ષેત્રે પોતાનું સ્થાન જે
ઉત્તમ યોગદાન આપ્યું એ માટે સાચાઓમાંથી અંતરના આશિષ
એ કે — એમના સંયમપૂર્ણ સુવાર્તાજીવનમાં વિકાસ -
સમાધિમયની સુગંધ સદા ઉભરાતી જ રહે અને શ્રી સંઘ
સમુદાય શાસન અને રાષ્ટ્રનું ગૌરવ વધારતા રહે
પોતાના ગુરુની જેમ ઉજ્જવલયશસ્વી બને
જે. વિજય જયઘોષસૂરિ”

મીઠો આવકાર

પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ
સિદ્ધાંતદિવાકર આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી
મહારાજા

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી બે-બે પેઢીથી ગુરુવર્યોના વિશ્વાસધામ બન્યા છે. અને આજે સર્વ સમુદાયોમાં એમની સૈદ્ધાંતિક વિદ્વત્તા સુપ્રસિદ્ધ અને સુમાન્ય છે. સ્વગુરુદત્ત **'સિદ્ધાંતદિવાકર'** બિરુદ એમની સાચી ઓળખ છે. ૫૫૫ થી અધિક શ્રમણોના વિશાળ પરિવારના એકાતપત્રી સામ્રાજ્યના ધણી એ મહાપુરુષમાં નાના-નાના શ્રમણોના સત્કાર્ય પ્રત્યે જે હૂંફ અને લાગણી છે તે એમના શુભાશિષમાં પડઘાય છે.


મીઠો આવકાર

અનેકાન્તવાદ જૈનદર્શનનો પાયાનો પ્રમુખ સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને પચાવી જાણનાર સ્હેજે વૈચારિક સમભાવ, સિદ્ધાન્ત-સમન્વય અને ધાર્મિક સહિષ્ણુતાને ધરાવતો થઈ જાય છે. બાહ્ય વેશ અને દૈહિક આચારથી ઉપર ઊઠી એની દૃષ્ટિ મૂળભૂત તત્ત્વને - મર્મને પકડતી થઈ જાય છે. એની દૃષ્ટિને આંતરિક ઔદાર્યનો ઓપ મળતો જાય છે. કદાચ આ જ કારણે જૈન શ્રમણોએ કોઈ પણ વિષયને પોતાની સર્જકતાથી પ્રાયઃ અસ્પૃશ્ય રહેવા દીધો નથી. જૈનાચાર્યોની પ્રજ્ઞાશક્તિ, પ્રેક્ષાશક્તિ, પરિશીલનશક્તિની વિચક્ષણતા કોઈ દર્શનના વિષયમાં અછતી નથી.

'ન્યાય' એ પણ એવો જ વિષય છે, જે જૈન શ્રમણોના હાથે ચિરંજીવિતાને પામ્યો છે. અન્ય ધર્મના તાર્કિક પરાકાષ્ઠા સમા ગ્રંથને ખોલવા માટે કેવળ તીવ્ર બૌદ્ધિકતાની જ નહિ, આંતરિક ઔદાર્યની, વિચક્ષણ પ્રકૃતિની પણ જરૂર પડે છે. સ્યાદ્વાદી વિના આવું ઔદાર્ય જવલ્લે જ જોવા મળવાનું.

મને ગૌરવ સાથે આનંદ છે કે અમારા સમુદાયના એક યુવાન શ્રમણ, મુનિશ્રી ભક્તિયશવિજયજીએ (વય - ૨૫ વર્ષ, દીક્ષાપર્યાય - ૧૨ વર્ષ) ગુરુકુલવાસ, વિદ્યાવ્યાસંગ અને સૂક્ષ્મબોધનિષ્ઠાના જોરે એક અદ્‌ભુત નવ્યન્યાય વ્યાખ્યાનું સર્જન કર્યું છે. મારા એમને અંતરના આશિષ છે કે 'એમના સંયમરૂપી સુવર્ણજીવનમાં વિદ્યા-સ્વાધ્યાયની સુગંધ સદા ઉભરાતી જ રહે અને શ્રીસંઘ-સમુદાય-શાસન અને રાષ્ટ્રનું ગૌરવ વધારતા રહે, પોતાના ગુરુની જેમ ઉજ્જ્વળ યશસ્વી બને.'

જે. વિજય જયઘોષસૂરિ



અંતરનો રણકાર, ઉષ્માભર્યો આવકાર

પરમ પૂજ્ય ન્યાયવિદ્યાનિધિ ષડ્દર્શનનિષ્ણાત આચાર્ય ભગવંત
ગુરુદેવ **શ્રીયશોવિજયસૂરીશ્વરજી મહારાજા**

જેમના આશિષ મારી જીવનમૂડી છે,
જેમનું સાંન્નિધ્ય આ સર્જનને સાકાર કરનાર છે,
જેમના અનલ્પ પરિશ્રમથી હું કંઈક વિદ્યાને પામી શક્યો છું,
જેઓ સ્વયં વિરાટ વૃત્તિઓના સર્જક છે,
દાર્શનિક વિદ્યાના શ્રેષ્ઠ વિદ્વાન છે,
અંતર્મુખતા જેમના જીવનમાં છે,
અધ્યાત્મ જેમના હૈયામાં છે,
એકાંતને જેઓ કાયમ ઝંખે છે,
એવા વિદ્વત્તા અને સાધકતાના સુમેળ સમા પૂજ્ય ગુરુદેવશ્રી અહીં સંતોષ વ્યક્ત કરી રહ્યા છે.

અંતરનો રણકાર ઉષ્માભર્યો આવકાર

– પરમ પૂજ્ય વિદ્યાલંકાર સાધનાતીર્થ આચાર્ય ભગવંત
શ્રીયશોવિજયસૂરીશ્વરજી મહારાજા

આજે અંતઃકરણમાં આનંદની અવધિ નથી, અપાર-અગાધ આનંદની છોળો અંદર ઉછળી રહેલ છે. કારણ કે મારા વિદ્વાન અને વિનયી શિષ્ય મુનિરાજ શ્રી ભક્તિયશવિજયજીએ ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત વ્યાખ્યા 'યશોલતા' અને વિશદ ગુજરાતી વ્યાખ્યા 'વિનમ્રા' – બન્નેનું સર્જન કરી તેનાથી 'વ્યાપ્તિપંચકગૂઢાર્થતત્ત્વાલોક'ને સુશોભિત કરીને વિદ્વત્સમાજ સમક્ષ રજૂ કરેલ છે, જે આપના કરકમલને અત્યારે શણગારી રહેલ છે.

આજથી આશરે ૧૫૦ વર્ષ પૂર્વે થયેલ મૈથિલ પંડિત શિરોમણિ ધર્મદત્ત ઝાના (ઉપનામ : બચ્ચા ઝા) મસ્તક/મગજના રિસર્ચ માટે અંગ્રેજ સરકારે તેની ખોપરીની માંગણી તેમના સ્વજનો સમક્ષ કરી હતી. સર્વ દર્શનોમાં તેમની સર્વત્ર અવ્યાહત પ્રજ્ઞા – બહુમુખી પ્રતિભાના લીધે 'સર્વતન્ત્રસ્વતન્ત્ર' નું બિરુદ તેમને આપવામાં આવેલ છે. તેમણે રચેલા અનેક વિવરણ ગ્રંથોમાં એક અતિ જટિલ ગ્રંથ એટલે 'વ્યાપ્તિપંચક ગૂઢાર્થતત્ત્વાલોક'. આ ગ્રંથની પ્રત્યેક પંક્તિ એવી ગૂઢ છે કે ભલભલા વિદ્વાનોને પણ તે મૂઢ બનાવી દે છે. તેથી જ આ ગ્રંથને ઉકેલવા માટે પ્રતિવર્ષ બનારસ વગેરે સ્થળે સેમિનારો યોજાય છે. દિગ્ગજ પંડિતો પોતાની પંડિતાઈનો પૂરેપૂરો ઉપયોગ કરે તો પણ પૂરેપૂરો ન ખૂલે એવો રહસ્યમય આ ગ્રંથ છે.

વ્યુત્પત્તિવાદ, પ્રામાણ્યવાદ વગેરે નવ્યન્યાયગ્રંથોના તલસ્પર્શી

અધ્યયન બાદ, પોતાની પ્રેક્ષા-પ્રજ્ઞા-પ્રતિભાનો પ્રકર્ષ થતાં 'વ્યાપ્તિપંચક ગૂઢાર્થતત્ત્વાલોક' ગ્રંથની જટિલ પંક્તિઓને સંસ્કૃત-ગુજરાતી ભાષાના માધ્યમે ખોલવાનો, સ્પષ્ટ કરવાનો દૃઢ સંકલ્પ મુનિશ્રી ભક્તિયશવિજયજીએ કર્યો.

વર્ષો સુધી બુદ્ધિના અત્યંત અટપટા આટાપાટા ખેલવાથી પણ જે ગ્રંથ ખોલી ન શકાય તેવા અતિકર્કશ-સૂક્ષ્મબુદ્ધિગમ્ય ગૂઢાર્થતત્ત્વાલોક ગ્રંથને મુનિશ્રી ભક્તિયશવિજયજીએ માત્ર બે વર્ષના અતિ ટૂંકા સમયગાળામાં સંસ્કૃત + ગુજરાતી બબ્બે ભાષામાં વિશાળ અને વિશદ વિવેચન દ્વારા અતિસ્પષ્ટ કર્યો છે. મૂળ ગ્રંથ સંસ્કૃત ભાષામાં અને નવ્યન્યાયની પરિભાષામાં તર્ક-વ્યાપ્તિ-નિયમ સંબંધી છે. જે ગ્રંથની એક-એક પંક્તિનું વિવેચન કરવા જતાં એકાદ શબ્દ આઘો - પાછો થાય, ઓછો - વત્તો થાય તો અર્થ-પદાર્થ-ઐદમ્પર્યાર્થ-ભાવાર્થ બદલાઇ જતાં વાર ન લાગે, અર્થનો અનર્થ સર્જાતા વિલંબ ન થાય, એવી સૂક્ષ્મમતિગમ્ય ગૂઢ-અતિગૂઢ પંક્તિઓ, ભલ-ભલા દિગ્ગજ પંડિતોને પણ મૂઢ-અતિમૂઢ બનાવતા વાર ન લગાડે તેવી પંક્તિઓ ઉપર સંસ્કૃત ભાષામાં અને નવ્યન્યાયની પરિભાષામાં કલમ ચલાવવી અને તે પણ માત્ર ૨૦વર્ષની ઉંમરે, દીક્ષા જીવનના સાતમા વર્ષે ! 'કમાલ ! કમાલ ! કમાલ !' શબ્દો મોઢામાંથી નીકળ્યા વિના ન જ રહે. તેમાં પણ માત્ર બે જ વર્ષની અતિ અલ્પ સમયાવધિમાં સંસ્કૃત + ગુજરાતી બન્ને વ્યાખ્યાનું નિર્માણ થયેલ છે. આ પણ નાનો સૂનો ચમત્કાર નથી. પરમગુરુ અને સદ્‌ગુરુની મહતી કૃપા વિના આ શક્ય જ નથી. ૪૨ પાનાના મૂળગ્રંથને ૪૫૦૦ પૃષ્ઠના વિશાળ ફલક ઉપર સંસ્કૃત-ગુજરાતી બન્ને વ્યાખ્યા દ્વારા સ્પષ્ટ કરવો, એ પણ રસાળ અને સરળ પદ્ધતિથી, અહો આશ્ચર્યમ્ ! ૧૪ વોલ્યુમમાં પ્રકાશિત થતા આ ગ્રંથરત્ન દ્વારા વ્યાખ્યા સાહિત્યની દુનિયામાં સીમાચિહ્ન સમાન શકવર્તી મહાભારત કાર્યની ભેટ મુનિશ્રી ભક્તિયશવિજયજીએ આપી છે તેને વિદ્વાનો કદાપિ ભૂલી નહિ શકે.

મુનિશ્રી ભક્તિયશવિજયજીએ પોતાના ભગીરથ પુરુષાર્થ દ્વારા

જ્ઞાનભાગીરથીને આ અવનીતલ ઉપર લાવવાનું કાર્ય કરેલ છે, જેમાં નિમજ્જન કરીને વિદ્વજ્જનો અવશ્ય પાવન-પવિત્ર-પુનિત થશે. આમાં કોઇ શંકાને સ્થાન નથી. વિદ્વાનો આ મહાત્માના પરિશ્રમની કદર કરી, અધ્યયન-અધ્યાપનના ક્ષેત્રમાંથી ચિરકાળથી બહાર રહેલા આ ગ્રંથમાં નિહિત અમૃતનું રસપાન કરશે જ એવો વિશ્વાસ હવે અસ્થાને નહિ ગણાય.

'विद्धानेव विजानाति, विद्धज्जनपरिश्रमम्' આ પંક્તિ અનાયાસે અહીં યાદ આવી જાય છે.

જૈન આગમવિદ્યા અને આન્વીક્ષિકીવિદ્યાના ક્ષીરસમુદ્રમાં સતત નિમજ્જન કરનારા ગુણીયલ પ્રકૃતિના સ્વામી મુનિરાજ **શ્રીભક્તિયશવિજયજી** મહારાજના માધ્યમે હજુ એક-એકથી ચડિયાતા નૂતન ગ્રંથરત્નોની તથા અભિનવઉન્મેષશાલી વ્યાખ્યાગ્રંથોની ભેટ વિદ્યાવિશ્વને મળતી જ રહે અને તેમના ઉપર પરમગુરુની, સદ્‌ગુરુની, શારદામાતાની અમીનજર સતત ઠરતી જ રહે તેમ જ નમ્રતા-સરળતા-પવિત્રતાદિ આત્મિકગુણસમૃદ્ધિના શિખરે આરૂઢ થઇ ઝડપથી પરમપદને સાધે એવી અરિહંતને અંતરથી અભ્યર્થના..

લિ.
પૂનાજિલ્લાઉદ્ધારક
શ્રીવિશ્વકલ્યાણસૂરીશ્વરનો શિષ્યાણુ
યશોવિજયસૂરિ

शुभाशंसनम्


न्यायशास्त्रे व्याप्तिस्वरूपप्रतिपादकेष्वनेकेषु ग्रन्थेषु अन्यतमः प्रथमसोपानरूपोपपन्नः व्याप्तिपञ्चकाख्यः ग्रन्थोऽस्ति । यद्यपि तमनुसृत्य अनेकटीकाग्रन्थाः सम्प्रति समुपलब्धाः । तथापि तेष्वन्यतमा न्यायाध्वपान्थानां पाथेयभूता स्वनामधन्या गूढार्थतत्त्वालोकव्याख्या प्रथितचरैः विद्वत्तल्लजैः धर्मदत्तझामहोदयैः (बच्चा झा) प्रणीता ।

तत्त्वालोकविचारे दरीदृश्यमाने शेमुषीश्रमे अवगत-शास्त्ररीतीनां निरस्तन्यायाध्वध्वान्तानां शास्त्रेषु कृतभूरिपरिश्रमाणां विदुषां साक्ष्येव प्रमाणं । ईदृशस्य तत्त्वालोकस्य अध्ययनमेव दुष्करम्, अध्यापनं तु सुतराम्, किमुत व्याख्यानम् ।

तदाधारीकृत्य मन्दामन्दोपकारिणी अनास्वादित-न्यायपरिष्काररसानामप्यास्वाद्या भावावेदने चन्द्रिकायिता **यशोलता**नाम्नी सुविस्तृता व्याख्या, सदाचारनिष्ठैः शास्त्रेषु कृतभूरिपरिश्रमैः श्रीमद्भिः **मुनिभक्तियशविजयमहाशयैः** रचितेति अवलोक्य चित्तम् मोमुदीति ।

अनया शास्त्रसेवया सन्तोषितमस्मदुपास्यं श्रीकाशी-विश्वनाथम्, 'इतोप्यधिकं नैकग्रन्थव्याख्यानसामर्थ्यप्रदानेन एतान् समनुगृह्णन्तु' इति आशास्महे ।

महामहोपाध्याय राष्ट्रपतिसम्मानित



प्रो. वशिष्ठत्रिपाठी

अनुशंसा

आसीन्मिथिलामान्यो
गङ्गेशो नाम विश्रुतो विद्वान् ।
नव्यन्यायसुशास्त्रं
चिन्तामणिनामाऽकरोद्दिव्यम् ।।१।।
रघुनाथो विख्यात-
स्तदुपरि दीधितिमातनोदनुपमाम् ।
जगदीशेन च तस्या-
ष्टीका जागदीशी रचिता ।।२।।
धर्मदत्तरचितो यो
गम्भीरार्थप्रकाशको ग्रन्थः ।
तदुपरि विश्रुतकीर्तिः
गूढार्थतत्त्वालोकाख्यः ।।३।।
जैनश्रमणस्तरुणः
स्वल्पे वयसि तदीयदिव्यटीकाम् ।
यशोलतां विख्यातां
भक्तियशविजयोऽयं तनुते ।।४।।
पञ्चलक्षणीमूला
भूयाद् भव्या यशोलता ख्याता ।
धर्मदत्तविवृतेर्या
गूढार्थं सम्प्रकाशयताम् ।।५।।
अद्भुतविशालकाया
श्रीयशोविजयसूरिशिष्यकृता ।
गुरु-शिष्ययशोऽनल्पं
स्वल्पे काले भृशं कुर्यात् ।।६।।
नव्यन्यायनयाब्धौ
गम्भीरेऽवगाहने कृतयत्नः ।
सफलो मुनिश्रीभक्ति -
यशविजयो वर्धतां यशसा ।।७।।

शुभेच्छा

।। श्रीः।।

विद्वद्वर्यसमादृता क्षितितले यद्व्याप्तिसत्पञ्चक- ।
व्याख्याऽऽस्ते जगदीशभट्टरचिताऽवश्या च विद्यार्थिनाम् ।। १ ।।

तस्या भावविबोधनाय जगतां यद्धर्मदत्ताभिधैः ।
बच्चाझेत्युपनामभिर्विरचिता गूढार्थतत्त्वप्रभा ।। २ ।।
(गूढार्थतत्त्वप्रभा इत्यस्य गूढार्थतत्त्वालोक इत्यर्थः ।)

छात्राणामुपयोगिनी विरचिता गूढार्थतत्त्वप्रभा- ।
बोधार्थं मुनिभक्तिकीर्त्तिविजयैरानन्दसंवर्धिनी ।। ३ ।।

वाक्यं वाक्यमतिस्फुटं प्रतिपदं प्रत्यक्षरं विश्रुता ।
विद्यावत्सु विवृण्वती विजयतामाचन्द्रतारं भुवि ।। ४ ।।
(मुनिभक्तिकीर्तिविजयैः इत्यस्य मुनिभक्तियशोविजयैः इत्यर्थः ।)

व्याख्या **यशोलता**नाम्नी विबुधानन्दवर्धिनी ।
मन्दान्नन्दयतान्नित्यं अत्यपूर्वा धरातले ।। ५ ।।

यशोलतायशोलताऽभिवर्धतां विवर्धताम् ।
जगत्सु दिक्षु दिक्षु च प्रवर्धतां प्रवर्धताम् ।। ६ ।।
('यशोलतायशोलता' - इत्यस्य यशोलता इति या व्याख्या तस्याः कीर्तिरूपा लता इत्यर्थः ।)

विद्यासिंहाचार्यशिष्यो नृसिंहाचार्यनामभाक् ।
आशास्ते शुभमाशास्ते ग्रन्थकर्तुर्मुहुर्मुहुः ।। ७ ।।

इति
नरसिंहाचार्य कठि (डुङ्गरेश्वर)

भारतीय दार्शनिक अनुसंधान परिषद्

(भारत सरकार, मानव संसाधन विकास मंत्रालय)

INDIAN COUNCIL OF PHILOSOPHICAL RESEARCH

(Government of India, Ministry of Human Resource Development)

प्रोफेसर एस० आर० भट्ट
अध्यक्ष
Professor S. R. Bhatt
Chairman

20 अप्रैल, 2018

माननीय निदेशक,

श्री जागनाथ श्वेतांबर मूर्तिपूजक जैन संघ

राजकोट

श्रीमान,

आपके द्वारा पंडितवर्य श्री धर्मदत्त झा विरचित जागदीशी पंचलक्षणी गूढ़ार्थतत्त्वालोक की पूज्य सिद्धान्त निष्ठ आचार्य भगवंत श्री यशोविजय सूरिश्वरजी महाराज साहेब के शिष्य रत्न मुनि श्री भक्तियश विजयजी महाराज साहेब द्वारा विरचित यशोलता नाम विशद 14 भागों में निर्मित विपुल व्याख्या के विमोचन के अवसर पर मुझे आमंत्रित किया गया इसके लिये हृदय से आभार व्यक्त करता हूँ। कार्याधिक्य के कारण उपस्थित नहीं हो पाउँगा पर महाराजा श्री के श्री चरणों में अपनी प्रशंसा व्यक्त करना चाहूँगा। वर्तमान में ऐसी उत्कृष्ट रचना दुर्लभ है। नव्य न्याय के दुरूह ग्रन्थों पर व्याख्या करना गहन पांडित्य का द्योतक है। स्वयं बच्चा झा अद्वितीय कोटि के विद्वान थे जिन्होंने गंगेश, रघुनाथ, मथुरानाथ, आदि नव्य नैयायिको के क्रम में न्याय परंपरा में नूतन योगदान दिया है।

आशा है कि विद्वान मुनिश्री ऐसे अनेकों ग्रन्थों की रचना कर दर्शन साहित्य को समृद्ध करेगें।

S.R.Bhatt

भवदीय

प्रोफेसर सिद्धेश्वर रामेश्वर भट्ट

E-mail : srbhatt39@gmail.com Website : http://www.icpr.in

मुख्य कार्यालय : दर्शन भवन, 36 तुगलकाबाद इन्स्टिट्यूशनल एरिया, महरौली बदरपुर रोड, नई दिल्ली – 110062 दूरभाष : +91-11-29901516, 29901527 टेलिफैक्स : 2996475
Head Office : Darshan Bhawan, 36, Tughlakabad Institutional Area, M.B. Road, New Delhi-110062 Tel.: +91-11-29901516, 29901527 Telefax: 29964750
लखनऊ कार्यालय : 3/9, विपुल खण्ड, गोमती नगर, लखनऊ – 226010 टेलिफैक्स : +91-522-2392636 E-mail : centre@icpr.in, icprlkw@gmail.com

शुभाऽऽशंसा

।।पायादयायाज्जगदीश्वरो वः।।

अयि सुरभारतीसेवापरायणाः प्रेयासः, न्यायविद्यापारङ्गता विद्वांसश्च। अष्टादशविद्यास्थानेषु परमाऽभ्यर्हिता आन्वीक्षिकी नाम्नीयं तर्कविद्या, या हि निःश्रेयसाऽधिगमसाधनानां प्रमाणाऽऽदिषोडशपदाऽर्थानां प्रतिपादिका, दुःखपङ्क-निमग्नान् सांसारिकान् मनुष्याऽऽदिजीवान् उद्दिधीर्षुः कारुण्यपरवशो भगवान् गोतमो महषिस्तथाभूतां न्यायविद्यां पञ्चाऽध्यायाऽऽत्मकेन सूत्रेण प्रकटयामास। सूत्ररूपायाः खल्वस्यास्तत्त्वमजानद्भियोंगाचारप्रभृतिभिर्बौद्धदार्शनिकैः, चार्वाक-प्राभाकराऽऽदिदार्शनिकैराक्रम्योन्मूल्यमानामिमां रक्षयितुं महर्षिकल्पा गङ्गेशोपाध्याया मैथिलाः प्रमाणाऽऽत्मकं न्यायशास्त्रप्रतिपाद्यांऽशमादायैव श्लोकद्वादशसाहस्त्रीपरिमितः चिन्तामणिरिव प्रामाणिकानां-तत्त्वचिन्तामणिनामकं ग्रन्थमिमं विरयाम्बभुवुः। प्रकृतग्रन्थस्य अर्थगाम्भीर्यं विचार्य तत्र स्वविद्वत्तापरिशोधनाय वर्द्धमानोपाध्याय यज्ञपत्युपाध्यायपक्षधरमिश्र-प्रगल्भमिश्र-नव्यवाचस्पतिमिश्र-वासुदेवसार्वभौम-चक्रवर्त्ति-रघुनाथ-शिरोमणि-मथुरानाथ-भवाऽऽनन्दवागीशप्रभृतयो न्यायविद्याविशारदा विविधानि व्याख्यानानि निर्मितवन्तः। तेषु व्याख्यानेष्वपि बङ्गदेशीया वाग्देवताऽवतारा जगद्विहितपाण्डित्याः-जगदीश-गदाधरप्रभृतयः दीधितिकृत-व्याख्यानमूवलम्ब्य तत्रोपव्याख्यानमकाषुः तेषूपव्याख्यानेषु विद्वज्जनसमाजेषु जागदीश्या गादाधर्याश्च समादरो सार्वभौमिको जातः; अतएव विश्वविद्याऽऽलयाऽऽदिषु संस्थासु तयोरेव पठनपाठनप्रक्रियायां स्थानं प्राप्तम्, तयोर्मध्ये गादाधरी-

व्याख्यानमतिविस्तृतं यस्य सम्पूर्णस्याऽध्ययनाऽध्यापनन्तावद् दक्षिणभारतेषु साम्प्रतमपि भवतीति। जागदीशी तु दीधितिटीकाया: सारग्राहिणीत्यत्र सर्वविदुषामैकमत्यम्। अतएव तस्या: समादर: सम्पूर्णभारतवर्षीयन्याय-चिन्तकसमाजेषु, तत्राऽप्यनुमानखण्डीयपूर्वपक्षीयव्याप्तिसिद्धाऽन्तव्याप्तिपक्षता-केवलाऽन्वयिप्रभृतिप्रकरणग्रन्थेषूत्तरभारतीयानां विशेषाऽऽदर:। अत्यल्पाऽक्षरमाध्यमेन ग्रन्थग्रन्थिभेदने निपुणतरस्याऽप्यस्य जागदीशीव्याख्यानस्य तात्पर्याऽर्थं कात्स्न्र्येन ग्रहणे विदुषामपि जातसन्देहानां सन्देहविनिवृत्त्यर्थं मिथिलाभूमौ गङ्गेशाऽवतारत्वेन प्रसिद्ध: बच्चाझाऽपरनामधेयो धर्मदत्तोपाध्याय:-१८६०-१९१८ खीष्टाऽब्दकालिक: नव्यन्यायेष्वजातशत्रु: प्रादुर्बभूव। मैथिलपण्डितधुरन्धरस्य सर्वतन्त्रस्वतन्त्रस्य अस्य विदुषो नव्यन्यायपरिष्कारकरूपेण विद्वज्जनेषु प्रसिदिरस्ति। अनेन हि महाऽनुभावेन-दीधितिव्याख्यायामाश्रित्य विहितानां जागदीशीव्याख्यानानां व्याप्तिपञ्चकसिद्धाऽन्त-लक्षणाऽवच्छेदकत्वनिरुक्तिव्याप्त्यनुगमपक्षताऽवयव-सव्यभिचार-सत्प्रतिपक्षप्रभृति-प्रकरणग्रन्थानां गूढाऽर्थतत्त्वाऽऽलोकटीका: विरचिता:। गादाधर्यामपि एतत् सामान्यनिरुक्तेस्तत्त्वाऽऽलोटीकाऽतिमहत्त्वपूर्णा सती परिष्कारप्रियाणां नव्यनैयायिकानां बहुमूल्यनिधित्वेन विराजते नव्यन्यायचिन्तकानां बुद्धेश्वरमस्थानभूतयो: व्युत्पत्तिवादशक्तिवादग्रन्थयोर्गदाधरभट्टाऽऽचार्यनिर्मितयोरतिप्रौढग्रन्थयो द्वयोरपि गूढाऽर्थ-तत्त्वाऽऽलोकोऽतिप्रौढ़तमविचारेणसंयोज्य विहित:। गूढाऽर्थतत्त्वाऽलोको न्यायशास्त्र-विदामपि कठिनतमविचारस्यैवविषयो जायते। अतोऽस्याऽध्ययनेऽतिसौभाग्य-शालिनामेवाऽभ्यस्तन्यायविद्यानामधिकारिता सिध्यति। न्यायविद्याया: चरमाभूभीयं गूढाऽर्थतत्त्वाऽऽलोकटीका इति कथनस्याऽत्र सर्वथा साऽर्थक्यं प्रतिभाति।

एतादृशस्याऽतिदुरूहस्य गूढाऽर्थतत्त्वाऽऽलोकस्यसाधारणन्याय विद्यावता-मध्ययने, तन्मूलके न्यायतत्त्वाऽर्थविनिश्चये च विनियोगः कथं स्यादित्यत्र-महद्विचारोपराऽन्तेन मुनिभक्तियशोविजयमहाऽऽत्मना यद्गूढाऽर्थतत्त्वाऽऽलोकाऽर्थ-हृदयङ्गमकारिणी। यशोलतानाम्मी व्याख्याकृता, या हि सारल्यमाधुर्याऽऽदि-सद्गुणगौरवत्वाऽन्वितासती नव्यन्यायचिन्तकानाङ्कृते किलाऽऽकर्षण स्थान भविष्यतीति मेमति। अस्यमहाऽऽत्मने न्यायजगद्हिताऽऽथहं परममहनीयप्रयास भूरि-भूरि साधुवादेन अभिनन्द्य स्ववचनं सार्थकयामीति शम्।।

पाठकोपाधिकः मैथिलपण्डितः चित्तनारायणः प्राचार्यचरः, व्या०न्या०द० पूर्वोत्तरमीमांसाऽऽचार्यः।

श्री निर्मल सं०म०वि० लाहोरी टोला, वाराणसीस्थः।

प्रं० चित्तनारायणपाठकः

।। श्रीलक्ष्मीनरसिंहः प्रसीदतु ।।

विद्वान् पवनाचार्यः हुनगुन्द प्राध्यापकः श्रीजयतीर्थविद्यापीठम् उत्तरादिमठः बेङ्गलूरु–560004

दिनाङ्कः 15/4/2018

न्यायजगदीशेन महोदयेन जगदीशेन विरचितस्य व्याप्तिपञ्चकविवरणस्य टिप्पणम् श्रीमद्भिः **श्रीधर्मदत्तमहोदयैः** रचितं **गूढार्थतत्त्वा**भिधं सव्याख्यानं दृष्ट्वा महान् प्रमोदः समजनि । टिप्पणस्यास्य व्याख्यानस्य **यशोलता**भिधस्य विस्तृतत्वात् सरलत्वाच्च इदं छात्रमित्रं भवत् सार्थकनामधेयमिति प्रमोदकरम् । छात्राणां उपकारि भवतीति निश्चप्रचं आशासे ।

''काणादं पाणिनीयं च सर्वशास्त्रोपकारकम्'' इति प्राचां प्रवादः । सर्वशास्त्रोपयोगीदं न्यायशास्त्रं विवेचनाशक्तिं समाधानपाटवं चाभिवर्धयतीति सर्वविदितम् । अत एव न्यायशास्त्रमधिकृत्य प्रतनैः ''प्रदीपः सर्वविद्यानाम्'' इति श्लाघितम् ।

सम्प्रति शास्त्राध्येतारः अध्ययनं विधायापि अध्यापयितारो दुर्लभाः । तत्रापि विशेषेण शास्त्रव्याख्यातारः दुर्लभतराः इति किमु वक्तव्यम् । अथापि एते श्रीमन्तः अनितरसाधारणेन महता परिश्रमेण प्रबन्धमिमं निर्मितवन्त इति महदिदं प्रमोदस्थानम् । इतोपि श्रीमन्तः एते मुनिश्रीभक्तियशविजयमहोदयाः व्यधिकरणस्य, सिद्धान्तलक्षणादेश्च जागदीश्याः व्याख्यानानि क्रियासुरिति वयं प्रतीक्षामहे । इत्थमेव एते महाभागाः सरस्वत्याः सेवां कुर्वाणाः वर्षशतकं आरोग्यैश्वर्ययुताः विद्वत्प्रशंसाविषयतां समाप्नुवन्तु इति अखिलागमसञ्चारिणं श्रीकृष्णाख्यं भगवन्तं प्रार्थये ।

पवन.H

स्थलम्– बेङ्गलूरु

पवनाचार्य हुनगुन्द

शुभकामना

धर्मतत्त्वम्पुरस्कृत्य नवां वाणीमनन्तरम् ।
न्यायशास्त्रस्य चालोके धर्मदत्तमुपास्महे ।।

आप्राचीनकालम्मिथिलायाम्भवति दर्शनदर्शनम् । भवतु भामतीकारः आहोस्विन्नव्यन्यायपरिष्कारः । जरेयं यदि मण्डनमण्डिता तर्हि शङ्करार्पिता । अस्मिन्नेव दर्शनेष्टिक्रमे आचार्यत्वेनाविर्भूताः गूढार्थतत्त्वालोककाराः सर्वतन्त्रस्वतन्त्राः स्वनामधन्याः शिवोपासकाः धर्मदत्तझामहाभागाः ।

'एतेषां वार्णी वेत्ति वाणी, नान्यः अपरः' इति तेषां वचनमासीत् । अत्र मानमेवैतत् यत् शतवर्षानन्तरमेव टीकागताशुद्धिसंशोधनव्याजेन व्याख्यापि चतुर्दशभागेषु समायाति इत्यानन्दावसरः । मन्येऽहं यद् एकविंशतिवर्षीयाः यशस्विनस्तेजस्विनः मुनिश्रीभक्तियशविजयाः धर्मदत्तीयगूढार्थ-प्रकाशने आद्याः । वस्तुतः अद्यतनीयायाः स्थितिः एतादृशी अस्ति यत्र न कोऽपि गूढार्थतत्त्वालोककाराणाम्पङ्क्त्युच्चारणे समर्थः । भावावबोधनस्य का कथा ? अस्यां विषमपरिस्थितौ चायमधमर्ण्यमङ्गीकृत्य एतावदेव वक्ति –

''तव तत्त्वं न जानामि कीदृशोऽसि महेश्वर !''

।। जयतु नवा वाणी, विजयतु नवानी ।।

मिश्राःकरुणाकर
प्रा॰स्ना॰रो॰
रा॰प्र॰वि॰वि॰करोलबाग
नई दिल्ली

પ્રકાશકીય પ્રાક્કથન

પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંત **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજનું **સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષ,**

પૂજ્ય સકલસંઘહિતચિંતક આચાર્ય ભગવંત **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજનું **સ્વર્ગારોહણ રજત વર્ષ**

પૂજ્ય સિદ્ધાંતદિવાકર સુવિશાલગચ્છાધિપતિ **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજનું **સામ્રાજ્ય રજતવર્ષ....**

આ ત્રિવેણી સંગમના અવસરે સંઘ-શાસન-સમુદાય-રાષ્ટ્ર માટે ગૌરવરૂપ ગ્રંથનું પ્રકાશન કરતા આજે અમે અત્યંત આનંદિત છીએ...

શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટના માધ્યમે દર વર્ષે વિશિષ્ટ ગ્રંથરત્નોનું પ્રકાશન થતું જ રહે છે. એ શ્રેણિમાં આજે એક એવા જ વિશિષ્ટ ગ્રંથરત્નનો પ્રવેશ થઈ રહ્યો છે. એ પૂજ્ય ગુરુદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દેન છે કે **શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાય**માં નવ્યન્યાયનું અધ્યયન વિપુલ પ્રમાણમાં થાય છે. અને એ જ કારણ છે કે આજે નવ્યન્યાયના શિરમોર ગ્રંથ **ગૂઢાર્થતત્ત્વાલોક**નું અભિનવ સંસ્કૃત વ્યાખ્યા - **યશોલતા** અને નૂતન ગુજરાતી વિવેચન - **વિનમ્રા** સાથે ચૌદ ભાગમાં પ્રકાશન થવા જઈ રહ્યું છે. બંને નૂતન વ્યાખ્યાના સર્જક છે મુનિરાજ શ્રી ભક્તિયશવિજયજી કે જેઓ અપ્રતિમ વિદ્વાન પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રીયશોવિજયસૂરીશ્વરજી** મહારાજના શિષ્ય છે. પૂજ્ય યશોવિજયસૂરીશ્વરજી મહારાજા વિશાળકાય ગ્રંથોની શ્રેણિ સફળતાપૂર્વક સર્જી ચૂક્યા છે, જ્યારે તેમના જ એક જીવંત સર્જને એમના જ પંથે પગલા પાડ્યા છે, ત્યારે હૃદયમાં આશા અને વિશ્વાસ છે કે હજુ વધુ ને વધુ તેમના અણમોલ ગ્રંથોના પ્રકાશનનો લાભ અમને મળતો જ રહેશે...

શ્રી ઉમરા શ્વે. મૂ. જૈન સંઘ, સુરત ખરેખર ધન્યવાદને પાત્ર છે, જેણે આવી અદ્‌ભુત શ્રુતભક્તિ દાખવી છે. અન્ય પણ નામી-અનામી સહુ સહાયકોને અંતરથી અભિનંદન...

એ જ લિ. શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ વતી,
શ્રી કુમારપાળભાઈ વી. શાહ

“ગ્રંથસર્જન અને ગ્રંથપઠનનું
બસ ફળ તો અધ્યાત્મમાં ઊંડા
ઊતરવું અને સમતામાં
લીન બનવું એ છે.
પં. રત્નબોધિ વિજય”

સંશોધકીય વક્તવ્ય : ગાગરમાંથી સાગર

– પરમ પૂજ્ય ધીધનસંપન્ન તપસ્વી પંન્યાસપ્રવર
શ્રી રત્નબોધિવિજયજી મહારાજા

આ ગ્રંથ ઉપર જેમનો અનંતો ઉપકાર છે,
જેમના હસ્તાક્ષર વિના આ
ગ્રંથ પ્રકાશિત થવો શક્ય ન હતો તેવા સંશોધકશ્રીના
ઉદ્‌ગાર અહીં પ્રસ્તુત છે.
આ ગ્રંથને સાદ્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી સંશોધિત
કરનાર પૂજ્યશ્રીએ લખેલા વચનો
આ ગ્રંથ માટે ખરેખર પ્રમાણપત્ર છે.
વિરાટ સંશોધનકાર્ય જેમણે કુશળતાથી પાર પાડ્યું છે,
જેમની સૂક્ષ્મ પ્રજ્ઞાનો મને વારંવાર અનુભવ થયો છે
તે ગુણગણસમૃદ્ધ સંશોધકવર્યશ્રીની
પાવન કલમનો સ્પર્શ કરવા પધારો.

ગાગરમાંથી સાગર

– પરમ પૂજ્ય વિદ્વત્કુલાવતંસ પંન્યાસપ્રવર
શ્રી રત્નબોધિવિજયજી મહારાજા

સંશોધકીય વક્તવ્ય

એક શિષ્યએ એક કલાક મહેનત કરીને પાંચ શ્લોકોનો અભ્યાસ કર્યો. તે ખુશ થયો. તેણે ગુરુજી પાસે જઈને પોતે કરેલા અભ્યાસની વાત કરી. ગુરુજીએ તેની પ્રશંસા કરીને હિતશિક્ષા આપતા કહ્યું,

'તેં એક કલાકમાં પાંચ શ્લોકોનો અભ્યાસ કર્યો છે, તેનો મને ખૂબ આનંદ છે. પણ તું જ્યારે પાંચ કલાકમાં એક શ્લોકનો અભ્યાસ કરીશ ત્યારે મને તેનાથી પણ વધુ આનંદ થશે.'

શિષ્ય ગુરુજીના કહેવાનો ભાવ સમજી ગયો અને અભ્યાસમાં મચી પડ્યો.

એક કલાકમાં પાંચ શ્લોકનો અભ્યાસ કરવો હજી સહેલો છે, પણ પાંચ કલાકમાં એક શ્લોકનો અભ્યાસ કરવો ઘણો અઘરો છે. કેમકે તેની માટે તે શ્લોક ઉપર ખૂબ ઊંડું ચિંતન કરવું પડે, તેને બધી રીતે વિચારવો પડે, તેના શબ્દાર્થ-ભાવાર્થ-રહસ્યાર્થ જાણવા પડે. આ બધા માટે બુદ્ધિની સૂક્ષ્મતા જરૂરી છે. સરાણ ઉપર ચપ્પુને ઘસવાથી ચપ્પુ ધારદાર બને છે તેમ ચિંતન-મનનાદિની સરાણ દ્વારા બુદ્ધિને પરિકર્મિત કરવાથી બુદ્ધિ સૂક્ષ્મ બને છે.

નેટપ્રેક્ટીસ કરીને ક્રિકેટ રમનાર સેન્ચ્યુરી મારી શકે છે.

ત્રણમાસિક, છમાસિક, નવમાસિક પરીક્ષાઓમાં પાસ થનાર ફાઈનલ પરીક્ષામાં સારા ટકાએ પાસ થાય છે.

હોજરીને પરિકર્મિત કરનાર ભારે ખાદ્યપદાર્થોને પચાવી શકે છે.

તેમ પરિકર્મિત થયેલી બુદ્ધિથી શાસ્ત્રોના રહસ્યાર્થો સમજાય છે અને આરાધનાના સાચા માર્ગે આગળ વધાય છે.

ન્યાયના અભ્યાસ દ્વારા બુદ્ધિ પરિકર્મિત થાય છે.

એક વાતનો ખ્યાલ રાખવો કે **તર્કસંગ્રહ, મુક્તાવલી, વ્યાપ્તિપંચક** વગેરે ન્યાયગ્રંથો એ સાધનગ્રંથો છે, સાધ્યગ્રંથો નથી. એટલે એ સાધનગ્રંથોના અભ્યાસમાત્રથી કૃતકૃત્ય થઈ જવાતું નથી. તે સાધનગ્રંથો દ્વારા બુદ્ધિને ઘડવાની છે, તે ઘડાયેલી બુદ્ધિ દ્વારા શાસ્ત્રોના મર્મને સમજવાના છે અને તેમને જીવનમાં ઉતારવાના છે.

બુદ્ધિને ઘડવાના ઘણા પ્રકારો છે. તેમાંથી એક પ્રકાર એ છે કે વસ્તુનું દોષરહિત લક્ષણ બનાવવું.

કોઇ પણ વસ્તુતની વ્યાખ્યાને લક્ષણ કહેવાય. જેનું લક્ષણ કરાય તેને લક્ષ્ય કહેવાય. લક્ષણ એવું હોવું જોઇએ કે બધા લક્ષ્યોમાં હોય. જો અમુક લક્ષ્યોમાં લક્ષણ રહે અને અમુક લક્ષ્યોમાં ન રહે તો એ લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું કહેવાય. જો લક્ષણ લક્ષ્ય સિવાય અલક્ષ્યમાં પણ રહે તો એ લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું કહેવાય. જો લક્ષણ એકે'ય લક્ષ્યમાં ન રહે તો તે લક્ષણ અસંભવ દોષવાળું કહેવાય. આ ત્રણે દોષથી રહિત લક્ષણ સાચું કહેવાય.

ન્યાયગ્રંથોમાં અનેક લક્ષ્યોના આવા દોષરહિત લક્ષણો બનાવવાની ચર્ચાઓ કરીને બુદ્ધિને ઘડવાના પ્રયત્નો કરાયા છે.

જ્યાં જ્યાં ધૂમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય.

જ્યાં જ્યાં અગ્નિ ન હોય ત્યાં ત્યાં ધૂમાડો ન હોય.

આને વ્યાપ્તિ કહેવાય. આ વ્યાપ્તિનું એક ઉદાહરણ છે. આવી ઘણી વ્યાપ્તિઓ બનાવી શકાય.

વ્યાપ્તિપંચક, વ્યધિકરણ, સિદ્ધાંતલક્ષણ વગેરે ગ્રંથોમાં વ્યાપ્તિના સાચા લક્ષણને બનાવવાના પ્રયાસો થયા છે. તે લક્ષણોમાં પ્રશ્ન કરનાર દોષો ઊભા કરે છે. ગ્રન્થકાર તેમના સમાધાનો આપવા લક્ષણમાં ઉમેરા કરે છે, જેને પરિષ્કાર કહેવાય છે. અથવા તો ગ્રન્થકાર લક્ષણ બદલી નાંખે છે.

ગ્રન્થકારે બનાવેલ લક્ષણમાં અવ્યાપ્તિ વગેરે દોષો બતાવવા માટે બુદ્ધિને ઘણી કસરત આપવી પડે છે. પ્રશ્ન કરનારે બતાવેલા દોષોને દૂર કરવા પરિષ્કારો કરવા અને નવા લક્ષણો બનાવવા માટે પણ પ્રજ્ઞાને પુષ્કળ વ્યાયામ આપવો પડે છે. આ કસરત દ્વારા બુદ્ધિ ઘડાય છે.

શ્રી ગંગેશ ઉપાધ્યાયજીએ **તત્ત્વચિંતામણિ** નામનો ગ્રંથ રચ્યો છે. તેની ઉપર **શ્રી રઘુનાથ શિરોમણિજી**એ **દીધિતિ** નામની ટીકા લખી છે. **તત્ત્વચિંતામણિ**માં આવતા વ્યાપ્તિના પાંચ લક્ષણો ઉપરની દીધિતિ ટીકા ઉપર **શ્રી જગદીશ તર્કાલંકારજી**એ **જાગદીશી** લખી છે. તેની ઉપર શ્રી **બચ્ચા ઝા (ધર્મદત્ત ઝા)**જીએ **ગૂઢાર્થતત્ત્વાલોક (વ્યાપ્તિપંચકવિવૃતિ)** નામની ટીકા લખી છે.

આ ટીકાઓમાં લક્ષણો બનાવવાના માધ્યમે બુદ્ધિને કસરત અપાઈ છે.

ગૂઢાર્થતત્ત્વાલોક ખૂબ જ ગૂઢ ટીકા છે. ટીકાકારે તેમાં ખૂબ જ સૂક્ષ્મ અનુપ્રેક્ષા કરી છે. ઘણા ઊહાપોહ અને ચિંતન-મનન દ્વારા તેમને પ્રાપ્ત થયેલું નવનીત તેમણે તે ગ્રન્થમાં ખૂબ જ ટૂંકાણમાં પીરસ્યું છે. જેમ સારભૂત ખાદ્યપદાર્થો પચવા મુશ્કેલ હોય છે તેમ સારભૂત આ ગ્રન્થ સમજવો ખૂબ જ મુશ્કેલ છે. ગ્રન્થકારે આ ગ્રન્થમાં પદાર્થો ખૂબ ઠાંસી ઠાંસીને ભર્યા છે. તેમણે પદાર્થો ઉપર લાંબું વિવેચન કર્યું નથી, ટૂંકમાં પદાર્થોનું નિરૂપણ કર્યું છે. જેમ થેલીમાં ઠાંસી ઠાંસીને ભરેલી વસ્તુઓ કાઢવી મુશ્કેલ હોય છે તેમ આ ગ્રન્થમાં ઠાંસી ઠાંસીને ભરેલા પદાર્થો સમજવા બહુ અઘરા છે. તેથી સામાન્યથી અભ્યાસીઓ દીધિતિ, જાગદીશી, માથુરી વગેરે ટીકાઓનો અભ્યાસ કરે છે. બહુ ઓછા અભ્યાસીઓ ગૂઢાર્થતત્ત્વાલોકમાં ડૂબકી લગાવે છે.

વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી ભક્તિયશવિજયજી મહારાજે ગૂઢાર્થતત્ત્વાલોક ઉપર ખૂબ જ સરળ અને સુંદર ટીકા તથા તેના અનુવાદ લખ્યા છે. આ બન્ને દ્વારા ગૂઢાર્થતત્ત્વાલોકની ઉપાદેયતા વધશે. આ બન્ને દ્વારા ગૂઢાર્થતત્ત્વાલોકના મર્મને સમજવો ખૂબ સરળ બનશે. મા જેમ સાકર સાથે બાળકના ગળે કડવી દવા ઉતારી દે છે તેમ મુનિરાજશ્રીએ એકદમ અઘરા પદાર્થો સાવ સાદી-સરળ-સુગમ ભાષામાં રજૂ કરી ટીકાને સમજવી સહેલી બનાવી છે. મુનિરાજશ્રીનો આ પ્રયાસ ખૂબ જ અનુમોદનીય છે.

યશોલતા ટીકા અને વિનમ્રા વ્યાખ્યામાં તેમણે પદાર્થોનો ભાવાર્થ સમજાવીને પછી શબ્દાર્થ સમજાવ્યો છે. તેથી પંક્તિઓનો અર્થ એકદમ સરળતાપૂર્વક અને બરાબર બેસી જાય છે. પદાર્થોને તેમણે ખૂબ ખોલ્યા છે, એકદમ સ્પષ્ટ કર્યા છે, વિસ્તારથી સમજાવ્યા છે. એકદમ સહેલાઈથી પદાર્થો મગજમાં બરાબર ફીટ થઈ જાય તેવી તેમની શૈલી છે. એક-એક શબ્દ ઉપર ઊંડું ચિંતન-મનન કરીને તેમના રહસ્યાર્થો તેમણે બહાર કાઢ્યા છે. ક્યાંક-ક્યાંક તો તેમણે ચાર લીટી ઉપર ૫૦૦-૮૦૦ પાનાનું વિવેચન કર્યું છે. આનાથી તેમની ઊંડી અનુપ્રેક્ષાશક્તિ વ્યક્ત થાય છે.

વ્યાપ્તિપંચક ઉપરની ગૂઢાર્થતત્ત્વાલોક ટીકા ૪૧ પાનાની છે. તેમાંથી ૧૮ પાનાની ટીકાનું મુનિરાજશ્રીએ ૪૫૦૦ થી વધુ પાનામાં વિસ્તારથી વિવેચન કર્યું છે. ૧૮ પાનાની ટીકા દ્વારા પરિકર્મિત બુદ્ધિવાળા જીવો માટે બાકીની ટીકા સમજવી સહેલી હોવાથી તેમણે બાકીની ટીકાનું વિસ્તારથી વિવેચન કર્યું નથી.

ગૂઢાર્થતત્ત્વાલોક ટીકા ૯૦૦ શ્લોકપ્રમાણ છે. તેમાંથી શરૂઆતના લગભગ ૪૦૦ શ્લોકપ્રમાણ ટીકા ઉપર મુનિરાજશ્રીએ ૯૦,૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા રચી છે, તે તેમના બુદ્ધિકૌશલ્યને આભારી છે.

અનેક સ્થળોએ નવા-નવા પ્રશ્નો ઉઠાવી તેના સમાધાન કરી તેમણે પદાર્થોને સ્પષ્ટ કર્યા છે. એકલી ગૂઢાર્થતત્ત્વાલોક ટીકા વાંચો તો ખબર જ ન પડે કે 'કયો પ્રશ્ન છે અને કયો જવાબ છે ? કયો પ્રશ્ન ક્યાં શરૂ થયો અને ક્યાં પૂરો

થયો ? વચ્ચે કયા કયા પ્રશ્ન-જવાબ આવ્યાં ? એમાં પણ કયો જવાબ કયાં શરૂ થયો અને ક્યાં પૂરો થયો ? વચ્ચે કેટલા અને કયા કયા શંકા-સમાધાન આવ્યા?' મુનિરાજશ્રીએ બધું છૂટું છૂટું કરીને એકદમ સ્પષ્ટ સમજાવ્યું છે. પ્રશ્ન-જવાબના પ્રારંભ-અંત, વચ્ચે આવતા પ્રશ્ન-જવાબ વગેરે એકદમ વિશદ રીતે સમજાવ્યા છે. તેથી વાર્તા વાંચતા હોઈએ તેમ આ ગ્રંથ વાંચવામાં રસ પડે છે અને સુગમ બોધ થાય છે.

આ સંપૂર્ણ ગ્રંથ ૧૪ વિભાગોમાં પ્રકાશિત થઈ રહ્યો છે. યશોલતા ટીકા અને વિનમ્રા વ્યાખ્યાના તેમણે નવ વિભાગો કર્યા છે. એક-એક વિભાગને દીધિતિ એવું નામ આપ્યું છે. આ ગ્રન્થ નવ દીધિતિઓમાં ગૂંથાયેલ છે.

સંસ્કૃત ટીકાનું નામ **યશોલતા** રાખ્યું છે અને ગુજરાતી વ્યાખ્યાનું નામ **વિનમ્રા** રાખ્યું છે. આ નામો મુનિરાજશ્રીની કૃતજ્ઞતાને સૂચવે છે. પોતાના ગુરુદેવ **પૂજ્ય વિદ્વત્શિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્વિજય યશોવિજયસૂરીશ્વરજી** મહારાજના નામ પરથી તેમણે ટીકાનું નામ યશોલતા રાખ્યું છે. પોતાના દીક્ષિત પિતાશ્રી **મુનિરાજ શ્રી નમ્રયશવિજયજી** મહારાજના નામ પરથી તેમણે ગુજરાતી વ્યાખ્યાનું નામ વિનમ્રા રાખ્યું છે.

નાની ઉંમરમાં અને માત્ર નવ વર્ષના સંયમપર્યાયમાં તેમણે ખૂબ જ સુંદર શ્રુતઅર્જન અને અદ્વિતીય શ્રુતસર્જન કર્યું છે. આ વારસો તેમને તેમના ગુરુદેવશ્રી પાસેથી મળ્યો છે. તેમના ગુરુદેવશ્રી ખૂબ સારા વિદ્વાન, ટીકાકાર, ચિંતક અને લેખક છે. તેઓ પણ તેમના ગુરુદેવશ્રીના માર્ગે જ આગળ વધી રહ્યા છે. તેમના સર્જનો દ્વારા તેમણે તેમના ગુરુદેવશ્રીનું નામ ઉજ્જ્વળ કર્યું છે, તેમની પાટ દીપાવી છે. તેમના ગુરુદેવશ્રીએ માત્ર સાત વર્ષના સંયમપર્યાયમાં તેમની પ્રથમ ટીકા ભાષારહસ્ય ગ્રન્થ ઉપર રચી હતી.

ટીકામાં ઘણા સ્થળોએ તેમણે લક્ષણમાં આવતા પદોને રાખવા - ન રાખવાથી થનારા ભાંગા બતાવ્યા છે. તે ભાંગાઓમાંથી એક ભાંગો શુદ્ધ હોય અને બાકીના ભાંગા અશુદ્ધ-દોષગ્રસ્ત હોય. અશુદ્ધ ભાંગાઓમાં કયા સ્થળમાં કયો

દોષ કેવી રીતે આવે છે ? તે તેમણે ખૂબ વિસ્તારથી અને ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક સમજાવ્યું છે. શુદ્ધ લક્ષણનો સત્સ્થળમાં સમન્વય શી રીતે થાય ? તે પણ તેમણે ઠેકઠેકાણે ચોકસાઈથી સમજાવ્યું છે. ઘણા ઠેકાણે સરખી વાતનું થોડા ફેરફારપૂર્વક પુનરાવર્તન થતું હોવા છતાં તેમણે લગભગ અતિદેશ કર્યો નથી, પણ એ જ પદાર્થો વારંવાર સ્પષ્ટ રીતે સમજાવ્યા છે. તેથી વાચકને પદાર્થો બરાબર સમજાઈ જાય અને તેને જાતે બહુ મહેનત કરવી ન પડે. તેથી આગળ વાંચનમાં તેને રસ પડે અને અસ્ખલિત પ્રવાહે તેનો અભ્યાસ આગળ વધે. ઘણા સ્થળોએ તેમણે મૂળગ્રન્થની એક પંક્તિ ઉપર ખૂબ ઊંડું ચિંતન કરીને આનુષંગિક અનેક પદાર્થો પણ સમજાવ્યા છે. લક્ષણમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ વગેરે દોષો કેવી રીતે આપવા ? તેની માટેનું સ્થળ શોધવું, તે દોષો ટાળવા લક્ષણમાં કયો પરિષ્કાર કરવો ? તેનાથી લક્ષણનો સમન્વય કઈ રીતે થાય ? વગેરે બાબતોનું સૂક્ષ્મતમ નિરૂપણ તેમણે કર્યું છે. લક્ષણના, મૂળ ગ્રંથમાં નહીં બતાવેલા, પદકૃત્યો પણ તેમણે ખૂબ જ ઝીણવટથી સમજાવ્યા છે. તેથી લક્ષણનો સાંગોપાંગ બોધ થાય છે અને લક્ષણના તે તે પદો બાબત કોઈ શંકા રહેતી નથી. દરેક બાબત તેમણે માત્ર ઉપર ઉપરથી સમજાવી નથી, પણ ખૂબ જ ઊંડાણથી સમજાવી છે. ઘણા સ્થળોએ પદાર્થને પુષ્ટ કરવા અને સિદ્ધ કરવા તેમણે અન્ય ગ્રંથોના સાક્ષીપાઠો મૂકીને ગ્રંથને સુશોભિત કર્યો છે. આનાથી તેમની બહુશ્રુતતા વ્યક્ત થાય છે.

ન્યાયગ્રન્થો સમજવા પણ અઘરા હોય છે અને બીજાને સમજાવવા તો તેથી વધુ અઘરા હોય છે. પોતાને ગ્રન્થ બરાબર સમજાઈ ગયો હોય, બધા પદાર્થો સ્પષ્ટ થઈ ગયા હોય તો જ બીજાને તે સમજાવી શકાય. વળી, બીજાને બરાબર સમજાવવા માટે તેની કક્ષાએ ઊતરીને સમજાવવું પડે, તેના મનમાં ઊઠતી શંકાઓના સચોટ સમાધાન કરવા પડે, તેના મનમાં ઊઠનારી શંકાઓને સ્વયં વિચારીને તેના નિરાકરણ આપવા પડે. આ બધું કાર્ય ખૂબ ભારે હોય છે અને ખૂબ ખંત માગી લે તેવું હોય છે. છતાં મુનિરાજશ્રીએ નિષ્ઠાપૂર્વક, આ બધું કાર્ય પાર પાડ્યું છે.

એમ કહેવું હોય તો કહી શકાય કે બચ્ચા ઝાજીએ પોતાની અદ્વિતીય

બુદ્ધિપ્રતિભા વડે સાગરને ગાગરમાં સમાવી દીધો છે. બહુ જ ઓછા શબ્દોમાં તેમણે અતિગહન પદાર્થોનું નિરૂપણ કર્યું છે. ટીકાકાર મુનિરાજશ્રીએ પોતાના અજોડ પ્રજ્ઞાપાટવ વડે ગાગરમાંથી સાગર કાઢ્યો છે. તેમણે શબ્દોનો છૂટથી પ્રયોગ કરીને અતિસંક્ષિપ્ત પદાર્થોને ખૂબ વિસ્તૃત રીતે સમજાવ્યા છે. તે તે પદાર્થો પાછળનું અગમ્ય રહસ્ય તેમણે સ્વબુદ્ધિથી ઉકેલીને પ્રગટ કર્યું છે.

વર્ષો પૂર્વે સંસારી અવસ્થામાં કે. લાલ જાદુગરના જાદુના ખેલ જોયેલા. તેમાં તે એક ગાગરમાંથી 'Water Of India' ના નામે અઢળક પાણી બહાર કાઢતા, છતાં ગાગર ખાલી થતી નહીં. અહીં પણ એવી સરખામણી કરી શકાય કે મુનિરાજશ્રીએ ગૂઢાર્થતત્ત્વાલોકરૂપી ગાગરમાંથી વિવેચનરૂપી અઢળક પાણી આ ગ્રન્થમાં ઉલેચ્યું છે, છતાં હજી એ મૂળગ્રન્થ - ગાગરમાં ઘણા ગૂઢ પદાર્થો અણઉકેલ્યા (અણઉલેચ્યા) પડ્યા છે. આશા છે મુનિરાજશ્રી એ અણઉકેલ્યા ગૂઢપદાર્થોને પણ ધીમે ધીમે ઉકેલી નવા નવા ગ્રન્થોનું સર્જન કરશે.

પૂજ્યોની કૃપાથી મને આ ગ્રંથના સંશોધનનો લાભ મળ્યો છે. વિ.સં. ૨૦૬૯ માં મારું ચોમાસુ પિંડવાડા હતું. ચોમાસાના અંતે મારી ઉપર પૂજ્ય વિદ્વત્શિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્વિજય યશોવિજયસૂરીશ્વરજી મહારાજનો પત્ર આવ્યો. તેમાં તેમણે લખ્યું હતું કે, 'બચ્ચા ઝા રચિત ગૂઢાર્થતત્ત્વાલોક ઉપર લગભગ ૩૪૦૦ ફૂલસ્કેપ જેટલી સંસ્કૃત ટીકા અને ૧૬૦૦ ફૂલસ્કેપ જેટલું ગુજરાતી વિવેચન તૈયાર થયું છે. તે તમે સંશોધન કરી આપશો ?' હું સમજ્યો કે આ ટીકા-વિવેચન પૂજ્ય આચાર્યશ્રીના સર્જન છે. મેં જવાબ લખ્યો, 'આપશ્રીની વિદ્વત્તા સામે મારો ક્ષયોપશમ અતિઅલ્પ છે. એટલે આ ટીકા-વિવેચનના સંશોધનની મારી કોઈ યોગ્યતા નથી. છતાં આપની ઈચ્છા હોય તો હું પ્રયત્ન કરી જોઈશ. વળી સંશોધનકાર્ય પૂરું કરવામાં સમયમર્યાદા ન રાખશો.' પૂજ્ય આચાર્યશ્રીએ મારી પાસે જ સંશોધનનો આગ્રહ રાખ્યો અને મારી વિનંતિ સ્વીકારી. તેઓ મને બીજું પ્રૂફ મોકલવાના હતા, જેથી વાંચવામાં સરળતા રહે. લગભગ દોઢ વર્ષ પછી વિ.સં. ૨૦૭૧ ના વૈશાખ મહિનામાં ગિરનાર તળેટીમાં પૂજ્ય આચાર્યશ્રીને રૂબરૂ મળવાનું થયું. બધી વાત થઈ. ત્યારે ખબર પડી કે આ

નૂતન સર્જનના કર્તા વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી ભક્તિયશવિજયજી મહારાજ છે. તેમની કલમ પણ તેમના ગુરુદેવ જેવી જ છે. જો મેટરમાં ટીકાકાર તરીકે તેમનું નામ ન લખ્યું હોત અને રૂબરૂ વાતમાં આ બાબતનો ખુલાસો ન થયો હોત તો હું તો એમ જ સમજત કે આ ટીકા એ પૂજ્ય આચાર્યશ્રીનું સર્જન છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ ટીકાની ગરિમા ઘણી ઊંચી છે.

ગિરનાર તીર્થમાં તેમના તરફથી મેટર મળ્યું. મારા ગુરુદેવશ્રીની અનુમતિ લઈને અન્ય કાર્યોની વ્યસ્તતા વચ્ચે સમય કાઢીને આ ગ્રંથનું સંશોધન કરતો ગયો. જો કે નવ્યન્યાયનો એવો તલસ્પર્શી અભ્યાસ મેં કર્યો નથી, છતાં મારા ક્ષયોપશમ અનુસાર સંશોધનકાર્ય શરૂ થયું અને આગળ વધ્યું. મુનિરાજશ્રી પાસેથી મેટર કટકે કટકે આવતું હોવાથી સંશોધનમાં સરળતા રહી, બહુ બોજારૂપ ન લાગ્યું. હકીકતમાં આ સંશોધન દ્વારા મેં મુનિરાજશ્રી ઉપર કોઈ ઉપકાર કર્યો નથી. ઊલટું, મુનિરાજશ્રીએ મને આ ગ્રંથના સંશોધનનો લાભ આપી મારી ઉપર ઉપકાર કર્યો છે.

જો આ સંશોધનકાર્ય ન આવ્યું હોત તો હું મારા જીવનમાં ગૂઢાર્થતત્ત્વાલોક વાંચવાનો ન હતો અને કદાચ વાંચત તો મને કેટલું સમજાત ? એ પ્રશ્ન હતો. પણ સંશોધનના બહાને મને આ એક નવા ગ્રંથનો અભ્યાસ કરવાનો લાભ થયો. આ સંશોધન દ્વારા મને ઘણું ઘણું નવું જાણવાનું મળ્યું છે. ન્યાયગ્રંથનું સંશોધનકાર્ય એક જટિલ અને કંટાળાજનક કાર્ય હોય છે. પણ મુનિરાજશ્રીની નિરૂપણશૈલી એટલી બધી સુગમ અને સરળ છે કે સંપૂર્ણ સંશોધનકાર્ય દરમિયાન મને ક્યારેય કંટાળો કે અણગમો થયો નથી. સંશોધનકાર્યમાં મને આનંદ આવતો. જેમ જેમ સંશોધન કરતો ગયો તેમ તેમ મારો રસ વધતો ગયો. પૂજ્ય આચાર્યશ્રીએ અને મુનિરાજશ્રીએ આ કાર્ય માટે મારી પસંદગી કરી મને આ કાર્ય સોંપીને મારી ઉપર ઘણો ઘણો ઉપકાર કર્યો છે. હું સદા તેમનો ઋણી રહીશ.

મુનિરાજશ્રીનો મને બહુ પરિચય નથી, કેમ કે અત્યાર સુધી અમે બે જ

વાર અલપઝલપ મળ્યા છીએ. પણ ગ્રન્થસંશોધન અને તેની માટેના પરસ્પર પત્રવ્યવહાર દ્વારા તેમનો પરોક્ષ રીતે વિશેષ પરિચય થયો છે, તેમની ગુણસૌરભને માણવાનું થયું છે અને તેમની સાથેની આત્મીયતા વધી છે.

વાચકોને વિનંતિ કરીશ કે જે ભાવનાથી મુનિરાજશ્રીએ આ ગ્રંથ રચ્યો છે તે ભાવનાને આ ગ્રન્થના સાંગોપાંગ અભ્યાસ દ્વારા તેઓ પૂર્ણ કરે. જેમ મુનિરાજશ્રીએ આ ગ્રન્થના સર્જન માટે ઘણી મહેનત કરી છે તેમ વાચકો પણ આ ગ્રન્થના પઠન માટે ખૂબ મહેનત કરે. જેમ મુનિરાજશ્રીએ આ ગ્રન્થ સમજાવવા માટે ખૂબ ખંત અને ધીરજ ધારણ કર્યા છે તેમ વાચકો પણ આ ગ્રન્થને સમજવા માટે અત્યંત ખંત અને ધીરજને ધારણ કરે. આ ગ્રન્થના સમ્યગ્ અભ્યાસથી પરિકર્મિત થયેલી બુદ્ધિ દ્વારા વાચકો અન્ય સાધનગ્રન્થો અને સાધ્યગ્રન્થોનો સ્વયં અભ્યાસ કરતા થાય, તે ગ્રન્થોના પદાર્થોને આત્મસાત્ કરે અને શીઘ્ર મુક્તિગામી બને એ જ શુભેચ્છા.

મુનિરાજશ્રીની ખૂબ ખૂબ અનુમોદના કરું છું અને તેમને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. તેમણે એક ભગીરથ કાર્ય પૂર્ણ કર્યું છે. સામાન્ય વ્યક્તિ માટે લગભગ અશક્ય કહી શકાય એવી અજોડ શ્રુતસેવા તેમણે કરી છે. તેમણે કોઈ ચીલાચાલુ કાર્ય કર્યું નથી. પણ ઘણું ઉમદા અને ઊંચું કાર્ય કર્યું છે. સામાન્ય માણસ કદાચ એમના આ શ્રુતસર્જનનું મૂલ્ય સમજી નહીં શકે, પણ વિદ્વાનો અવશ્ય તેમના આ શ્રુતસર્જનનું મૂલ્યાંકન કરી શકશે.

પૂજ્ય આચાર્યશ્રીની પણ ખૂબ ખૂબ અનુમોદના કરું છું કે તેમણે પોતાના જેવા એક વિદ્વાન શિષ્યરત્નને તૈયાર કર્યો છે. તેમણે મુનિરાજશ્રીને ખૂબ સુંદર રીતે ઘડ્યા છે. તેમણે એક કુશળ માળી અને કુશળ શિલ્પીનું કાર્ય કર્યું છે. તેમના પીઠબળ, પ્રેરણા, હુંફ અને માર્ગદર્શનના બળે જ મુનિરાજશ્રી આ અતિકષ્ટસાધ્ય કાર્ય સહેલાઈથી પાર પાડી શક્યા છે.

મુનિરાજશ્રીના સહવર્તી મુનિવરોની પણ ખૂબ ખૂબ અનુમોદના કે જેમણે સહાય કરીને મુનિરાજશ્રીને આ ગ્રન્થસર્જન માટે બધી રીતની અનુકૂળતા કરી

આપી. તેઓ ઈર્ષ્યાથી ગ્રસ્ત ન થયા, પણ પ્રમોદભાવનાથી ભાવિત થઈને તેમણે મુનિરાજશ્રીને પ્રોત્સાહન આપ્યું, એ તેમની ઉત્તમતા છે.

મુનિરાજશ્રી સમક્ષ મારી અંતરની ભાવના વ્યક્ત કરું છું. આ ગ્રન્થની જેમ ન્યાયના અન્ય જટિલ ગ્રન્થો ઉપર પણ તેઓ પોતાની કલમ ચલાવી આવી સરળ ટીકાઓ લખે તો મધ્યમ બુદ્ધિવાળા જીવોને ન્યાયગ્રન્થો ભણવાનો રસ જાગે અને તેઓ તે ગ્રન્થો ભણી શકે. બીજી વાત, ન્યાયગ્રન્થો તો સાધનગ્રન્થો છે. સાધ્યગ્રન્થો તો આપણા આગમશાસ્ત્રો અને આગમેતર શાસ્ત્રો છે. તે ગ્રન્થો ઉપર આવું સૂક્ષ્મચિંતન કરીને તેઓ આવી સરળ ટીકાઓ લખે તો શાસ્ત્રો ભણવાની જીવોને રુચિ જાગે અને તેમને તેમનો સુગમ બોધ થાય. ઘણીવાર એવું બનતું હોય છે કે મધ્યમ કે મંદ ક્ષયોપશમવાળા જીવો ગ્રન્થ વાંચવાની શરૂઆત કરે છે. પણ અમુક પંક્તિઓ તેમને સમજાતી નથી, તે પંક્તિ સમજાવનાર કોઈ હોતું નથી, ત્યારે તેમનો અભ્યાસ અટકી જાય છે. વારંવાર આવતી આવી પંક્તિઓને લીધે વારંવાર અટકવાનું થવાથી તેમનો અભ્યાસ કરવાનો ઉત્સાહ ઘટી જાય છે. ધીમે ધીમે તેઓ સ્વાધ્યાય છોડી દે છે અથવા સહેલા ગ્રન્થો કે ગુજરાતી પુસ્તકો વાંચતા થઈ જાય છે. જો મુનિરાજશ્રી અઘરા શાસ્ત્રો પર આવી સરળ ટીકાઓ રચે તો અનેક જીવો માટે તે આધારભૂત બને. જેમ પાંગળો માણસ લાકડીના ટેકાથી પર્વત ઉપર ચડી જાય છે તેમ મુનિરાજશ્રી દ્વારા રચિત સરળ ટીકાઓ રૂપી લાકડીના સહારે અલ્પ ક્ષયોપશમવાળા જીવો અઘરા ગ્રન્થો રૂપી પર્વતોને સર કરી શકશે. શાસ્ત્રગ્રન્થો ઉપર રચાયેલી આવી સરળ ટીકાઓ દ્વારા જીવો ઉપર તાત્ત્વિક અને અનેકગણો ઉપકાર થશે. આશા છે મુનિરાજશ્રી મારી ભાવના સફળ કરવા અવશ્ય પ્રયત્નશીલ બનશે.

હું એવું કંઈ ભણ્યો નથી કે મારો એવો ક્ષયોપશમ પણ નથી. છતાં પુણ્યોદયે લોકોમાં મારી વિદ્વાન તરીકેની છાપ પડી ગઈ છે. તેથી જ આવા સંશોધનાદિના કાર્યો મને સોંપાય છે. સહજ છે કે મારા મંદ ક્ષયોપશમ અને પ્રમાદના કારણે આ સંશોધનકાર્યમાં ક્ષતિઓ રહી ગઈ હોય. તે બદલ હું ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું. આ સંશોધનકાર્યમાં અને આ વક્તવ્યમાં જિનાજ્ઞા વિરુદ્ધ

કંઈ પણ નિરૂપણ થયું હોય તો તેની ક્ષમા યાચું છું અને બહુશ્રુત વિદ્વાનોને તે સુધારવાની ભલામણ કરું છું.

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા, પરમ પૂજ્ય ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા, પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર શ્રી **પદ્મવિજયજી** મહારાજા, પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર વર્તમાનગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા, પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવશ્રી આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા – આ ગુરુદેવોની અને પરમાત્માની કૃપાથી જ હું આ સંશોધનકાર્ય કરી શક્યો છું. આ કાર્યનો સંપૂર્ણ શ્રેય તેમને જાય છે. આ કાર્યની ક્ષતિઓનો ભાગી હું છું. તે પૂજ્યોના ચરણોમાં આ અવસરે કૃતજ્ઞભાવે વંદન કરું છું.

આ ગ્રન્થના લેખકને અને પાઠકોને ખાસ ભલામણ કે ગ્રન્થસર્જન અને ગ્રન્થપઠનનું ખરું ફળ તો અધ્યાત્મમાં ઊંડા ઊતરવું અને સમતામાં લીન બનવું એ છે. ગ્રન્થસર્જન અને ગ્રન્થપઠન દ્વારા આ લક્ષ્ય સિદ્ધ ન થતું હોય તો એ ગ્રન્થસર્જન અને ગ્રન્થપઠન વ્યર્થ છે. માટે એ લક્ષ્યપૂર્વક જ ગ્રન્થસર્જન અને ગ્રન્થપઠન કરવું તથા ગ્રન્થસર્જન અને ગ્રન્થપઠન બાદ એ લક્ષ્યને સિદ્ધ કરવા પ્રયત્નશીલ બનવું. માત્ર ગ્રન્થસર્જન અને ગ્રન્થપઠન કરીને પોતાની જાતને કૃતકૃત્ય ન માનવી.

પ્રાંતે, આ ગ્રન્થરત્ન ખૂબ પ્રસિદ્ધિને પામે, ખૂબ ઉપાદેય બને અને યાવચ્ચન્દ્રદિવાકરૌ વંચાતો રહે એ જ શુભેચ્છા. પાઠક, લેખક, વાચક વગેરે સહુ શીઘ્ર પરમપદને પામે એ જ પવિત્ર ભાવના.

વિ.સં. ૨૦૭૪, ચૈત્ર સુદ ૧૫
(પુંડરીકસ્વામી આદિ ૫ કરોડ
મુનિવરોનો નિર્વાણ દિન)
શનિવાર, ગાંધીનગર

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો
શિષ્યાણુ
પંન્યાસ રત્નબોધિ વિજય

“ ૧૦૦૦ ગૂંચ પડેલા દોરીના ગૂંચળાને
ખોલવું સરળ પડ્યું તમે ગૂઢાર્થ નાટ્યાલોકને જે
ખોલ્યું છે તે લાખ ગણું કઠીન છે.. તમારી
મહેનતને બિરદાવતા શબ્દો ટૂંકા પડે છે..

ઈ. ધૈર્યસુંદર વિજયજી વંદના ”

ગૌરવપ્રદ ગૌરવ

પરમ પૂજ્ય પલ્લીવાલક્ષેત્રપ્રભાવક ગણિવર્ય
શ્રી ધૈર્યસુંદરવિજયજી મહારાજા

પલ્લીવાલ ક્ષેત્રમાં વિચરણ કરી જનઉદ્ધારના મહાયજ્ઞના આ ગણિવર્યશ્રી પ્રખર ઋત્વિજ છે.

લાગણીભરી અને માંગણીભરી એમની પ્રસ્તાવના 'શોર્ટ એન્ડ સ્વીટ' છે.

ગૌરવપ્રદ ગૌરવ

પરમ પૂજ્ય શાસનપ્રભાવક ગણિવર
શ્રી ધૈર્યસુંદરવિજયજી મહારાજા

પ્રાસ્તાવિકમ્

રામચંદ્રજીના પરમભક્તમાં મોખરાનું સ્થાન હનુમાનનું છે. તો ન્યાયદર્શનને સશક્ત બનાવવામાં મોખરાનું સ્થાન અનુમાનનું છે. આ અનુમાન પ્રમાણના પાયામાં વ્યાપ્તિ રહેલી છે અને વ્યાપ્તિને સ્પષ્ટ કરવા માટે વ્યાપ્તિપંચક અત્યંત ઉપાદેય ગ્રંથ છે. અનેક વૃત્તિ અને વિવૃત્તિઓ વ્યાપ્તિપંચક પર રચાઈ ગઈ છે.

પંડિતશ્રી **ધર્મદત્ત ઝા** વિરચિત **ગૂઢાર્થતત્ત્વાલોક**ના દર્શન પ્રથમ વાર જ થયા. જેને વાંચીને સમજવાનું કામ લોઢાના ચણા ચાવવાથી કમ નથી એવા ગૂઢાર્થતત્ત્વાલોક પર મુનિ શ્રી ભક્તિયશવિજયજી મહારાજે કલમ ચલાવી ! ધન્ય છે...

લગભગ આઠ-નવ વર્ષ પૂર્વે ન્યાયદર્શનના કેટલાંક ગ્રંથોનું અધ્યયન થયું હતું, પણ ત્યાર પછી લગભગ એ ગ્રંથોનું દર્શન નહોતું કર્યું. પૂજ્ય આચાર્ય ભગવંત **યશોવિજયસૂરિજી** મહારાજ તરફથી ભાગ-૧૩ માટે પ્રસ્તાવના લખવાનું આમંત્રણ મળ્યું. ભાગ-૧૩ની મેટર જોતા જોતા ન્યાયદર્શનના પદાર્થો પર વર્ષોથી જામેલી ધૂળ દૂર થવા લાગી. પાને પાને સ્પષ્ટીકરણ જોતાં મન આફરીન પોકારી ઉઠ્યું. અતિ કઠિન ગ્રંથને સરળ કરવા માટે ઉઠાવેલી મહેનતને બિરદાવવા કોઈ શબ્દો જડતાં નથી. ગૂઢાર્થતત્ત્વાલોકની થોડીક જ પંક્તિઓના મેટર માટે ૪૫૦૦ પાનાં !

આમ તો ન્યાયદર્શનમાં પદાર્થને બિનજરૂરી લાંબો ખેંચનારને ગૌરવદોષ આવે છે. પરંતુ, ફળમુખ ગૌરવ નિર્દોષ છે. મુનિ ભગવંતે રચેલ વિવૃત્તિ એ માત્ર નિર્દોષ જ નથી,

પણ ગૂઢાર્થતત્ત્વાલોકને સજાવવા બનેલું અલંકાર છે ! ''प्रवेशेनोक्तदोषः'' આવા ભ્રામક પાઠનો प्रवेशे नोक्तदोषः આવો યોગ્ય પદચ્છેદ કરી તે તે ક્લિષ્ટ પંક્તિઓની સમજણ આપવા માટે જે સ્પષ્ટતા કરી છે તે કાબિલેતારીફ છે. આવા ચમત્કારો અને ચમકારાઓ અનેક સ્થળે સર્જ્યા છે. વ્યવસાયિક માણસો (Professional) ક્યારેય મહેનતાણું લીધા વિના કામ કરતાં નથી. હું પણ મુનિશ્રી પાસે મહેનતાણું માંગ્યા વિના રહી નથી શકતો.

ધૂમ, વહ્નિ જેવા ઘણાં વ્યાપ્ય વ્યાપક ભાવ જિનાગમમાં અને પ્રકરણોમાં પડેલા છે. દા.ત. જ્યાં-જ્યાં દ્વેષ હોય છે ત્યાં ત્યાં રાગ હોય છે, પણ જ્યાં જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ અવિનાભાવી નથી. આવા કોઈ પ્રસિદ્ધ વ્યાપ્ય-વ્યાપક ભાવ લઈને આવું જ ઊંડું ખેડાણ થાય તો જિનશાસનને એક અણમોલ ભેટ મળશે.

આજે યુવાનો B.Tech., M.Tech. કરતા હોય છે. તેમાં Trignometry, Algebra વિ. ભણતાં હોય છે. ટૂંકમાં આવા વિષયોનું education લેતાં હોય છે. પણ વાસ્તવિક (practicle) માં તેની life ઓછી હોય છે. એ જ રીતે જિનશાસનમાં વિશિષ્ટ બુદ્ધિશાળી મહાત્માઓ ન્યાયદર્શનનું education તો લેતા હોય છે, પણ અર્હદ્વાઙ્મયમાં તેની application લગભગ જોવા જ નથી મળતી.

વિદ્વદ્વરેણ્ય મુનિરાજશ્રીને આ શૂન્યાવકાશ ભરવાની વિનંતિ કરું છું.

દ. ધૈર્યસુંદરવિજયની વંદના

ભા.સુ. ૧

"મુનિરાજશ્રીએ ઘણો પરિશ્રમ કરીને આ અતિકઠિન ગ્રંથ વાચકોમાં અતિસરળ બનાવી દીધો છે. માટે, આ ગ્રંથનું નામ, વિષય, પ્રમાણ જોઈને ક્યારેય ગભરાઈ ન જવું. જેમ જેમ આ ગ્રંથ વાંચતા જશો તેમ તેમ પદાર્થો સહેલાઈથી બેસતા જશે, પદાર્થો બેસાડવા માટે તમારે કોઈ મહેનત કરવી નહીં પડે."

પં. રત્નબોધિ વિજય

સાગરનો સાર ગાગરમાં

વિભાગ – ૧૩
સંક્ષિપ્તસાર

– પરમ પૂજ્ય સૂક્ષ્મપ્રજ્ઞ પંન્યાસપ્રવર **શ્રી રત્નબોધિવિજયજી** મહારાજા

વિરાટ વ્યાખ્યાદ્વયનું સંશોધનકાર્ય એકલા હાથે પાર પાડવું, પછી સંશોધકીય વક્તવ્ય લખી આપવું, તે પછી'ય ચૌદે ભાગનો સંક્ષિપ્તસાર લખી આપવો - આટલું કર્યા પછી પણ આટલું કાર્ય સોંપનારને ધન્યવાદ આપવા, તેનો ઉપકાર માનવો.... ઘડીભર ભ્રમણા થઈ આવે : સત્યુગમાં તો નથી આવી ચડ્યો ને !

કમાલ છે એમની ધીરજ, ધારણા શક્તિ અને ધીમત્તા ! સલામ છે એમની સદ્ભાવનાને ! સહૃદયતાને ! અને સહાયકતાને !

પૂજ્યશ્રીના ચરણોમાં નાનકડી પ્રાર્થના : આપની ઉપકારવર્ષાનું આ તો મંગલાચરણ હો !

સાગરનો સાર ગાગરમાં

(સંક્ષિપ્ત સાર)

માણસ કાર્યક્રમની **રૂપરેખા** જાણીને તેમાં involve થાય છે.
ફરવા જતા પહેલા માણસ **guidebook** નો અભ્યાસ કરી લે છે.
પુસ્તકની **summary** વાંચીને માણસ પુસ્તકવાંચનમાં પ્રવેશ કરે છે.
મુસાફર **નકશો** જાણીને પછી મંઝિલ તરફ પ્રયાણ કરે છે.
મેચ રમાયા પછી તેના મુખ્ય દૃશ્યો **highlights** માં બતાડાય છે.
ગ્રંથ વાંચ્યા પછી વિદ્યાર્થી તેના **મુદ્દાઓ** નોંધી લે છે.

વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી ભક્તિયશવિજયજી મહારાજે આ મહાકાય ગ્રંથનું સર્જન કર્યું છે.

'સાગરનો સાર ગાગરમાં' માં આ વિશાળકાય ગ્રંથનો સંક્ષિપ્ત સાર લખવાનો મેં પ્રયત્ન કરેલ છે. મુનિરાજશ્રીએ સાગર જેવો ગ્રંથ રચ્યો છે. મેં ગાગર જેવા આ લેખમાં તેનો સાર ભરવાનો પ્રયાસ કર્યો છે.

આ સાર એ આ ગ્રંથની **રૂપરેખા** છે,
આ ગ્રંથની **guidebook** છે,
આ ગ્રંથની **summary** છે,
આ ગ્રંથનો **નકશો** છે,
આ ગ્રંથ વાંચ્યા પછીની **highlights** છે,
આ ગ્રંથ વાંચ્યા પછી નોંધેલા **મુદ્દા** છે.

આ સારમાં મેં કશું નવું લખ્યું નથી. મુનિરાજશ્રીએ બનાવેલ ગ્રંથ-બગીચામાંથી શબ્દ-પુષ્પોને ચૂંટીને મેં આ સાર-માળામાં ગોઠવ્યા છે.

આ ગ્રંથ નવ દીધિતિઓ (વિભાગો)માં રચાયેલો છે. આ સારમાં દરેક દીધિતિના પદાર્થોની ટૂંકનોંધ કરી છે.

ચાલો, આ લેખના માધ્યમે આ ગ્રંથની એક ઊડતી મુલાકાત લઇ લઇએ.

(પર્યાપ્તિઘટિતપરિષ્કાર સિવાયનો વિકલ્પ, વિગત વિભાગના અનુસંધાનમાં, અત્ર રજૂ થાય છે -)

